# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ટૂટે સ્થાનિક કાર્યકરોને ગણના લોપાય છે
સમસમી રહે અંદરથી મનમાં કોપાય છે
સોંપાય છે માલ ખરીદીનો ને રોપાય માંડવા
મૂળ નથી ઊંડા જેના એવા બારાતુ થોપાય છે
('બ્લેક'ની ટિકીટવાળા)

## હાઈકુ

આ નગરની,
'બાંકડા-નગર'ની -
નવી ઓળખ..
(મનપા-ગ્રાંટ વાપરો)

આજા, ફસાજા,
આગ્રહ-દુરાગ્રહ -
પૂતના-પ્રેમ..
(અડવાણી-ટિકીટ)

## ચિંતન

*અનવ સ્થિત કાર્યસ્ય ન જને ન વને સુખમ્ । જને દહતિ સંસર્ગો વને સંગવિવ ર્જનમ્ ॥*

'ખરાબ-નિંદ્ય-દુષ્કૃત્યો કરનારા માનવીઓને સમાજમાં તો સુખ નથી જ મળતું પરંતુ જંગલમાં-એકાંતમાં જાય તો પણ સુખ મળતું નથી. સમાજમાં લોકસંસર્ગ-સંપર્ક તેમને દુઃખ પહોંચાડે છે અને જંગલમાં-એકાંતમાં એમની શાંતિને તેનો પોતાનો અંતરાત્મા જ કોરી ખાય છે.'

આજના રાજકારણમાં ચારિત્ર્યબળ આગળ આવનારા બહુ જ ઓછા લોકો હોય છે. દગાખોરી-ખૂન-બેવફાઇ અને પૈસાનો દુરપયોગથી 'નેતા' થવાય છે. હોદ્દા પ્રાપ્ત કરવામાં નાની-મોટી સંસ્થાઓમાં પણ કેટલી બધી ખટપટ કરવી પડે છે! આવી પાપ-લીલાઓ દ્વારા પદ-સ્થાન-પૈસો પ્રાપ્ત કર્યો હોય તે સુખ-ચેન નથી આપતો પણ ચિંતા-બેચેની-ઉજાગરા જ આપે છે. રોગો અને ચિંતાઓથી માણસ, દુર્જન ધન-સંપત્તિ-સત્તા હોવા છતાં અંદરથી દુઃખી જ રહે છે.

આવો માણસ સંસાર ત્યાગ કરીને કે જંગલમાં એકાંતમાં પણ વિશાળ-સવલતોથી લાદેલો બંગલો બંધાવીને રહે તો પણ પાપમય એકાંત એમને કોરી ખાય છે અને શાંતિ લેવા દેતું નથી.

આવા પાપમય-દુરાચારી જીવન કરતાં સરળ સાદગી ભર્યું-સદાચારી જીવન હજાર દર્જે સારું!

## સુવિચાર

- સંકડાઇને પથ્થરમાંથી પસાર થઇ જા, વ્યક્તિત્વ ભલે ના રહે ઓજસ થઇ જા, માની લીધું સંસાર છે સાગર જેવો, ખારાશ વધે હદથી તો સબરસ થઇ જા - *અનિલ ચાવડા*
- જગતથી લિપ્ત થઇને પણ અલિપ્ત રહેવું એના જેવી કોઇ તપશ્ચર્યા નથી, પ્રાર્થના એ ઇશ્વર સાથેનું મનગમતું બંધન છે અને જગત સાથેની મુક્તિ છે - *એસ. ભટ્ટાચાર્ય*
- મેં તારા માટે શું કર્યું? અને તે મારા માટે શું કર્યું? એવી ગણતરીઓ પ્રવેશે ત્યારે મૈત્રી પાછલે બારણેથી નહીં, પણ આગલે બારણેથી વિદાય લે છે - *હરિન્દ્ર દવે*
- હૃદયનો આનંદ બહારથી ઉઘરાવી શકાય નહીં, જે ભીંતરથી સમૃદ્ધ નથી એને પોતાનો થાક લાગે છે, પોતાનાથી જે કંટાળે એ બીજાને શું આનંદ આપી શકે? અને જે પોતે જ આનંદમાં હોય એને બાહ્ય આનંદ માટે નિરાધાર થવું પડતુ નથી - *રજનીશ*
- યાતનાથી થાય તે ક્રંદન અને આનંદથી થાય તે ભજન અને પ્રાર્થના - *સંતરામ*
- પૈસો માણસને સલામતી આપે છે. છાપરૂં આપે છે પણ માણસો એ છાપરાને આકાશ માનવાની ભૂલ કરે છે ત્યારે વિસંવાદ સર્જાય છે - *ધર્મસૂત્ર*
- જે માણસે કદીયે સુર્યોદય જોયો નથી કે પ્રેમમાં પડેલી સ્ત્રીની આંખો જોઇ નથી એવી વ્યક્તિને મારી આંખો આપજો - *નાની પાલખીવાલાના વીલમાં લખેલ શબ્દો*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

જીવનમાં પ્રાર્થનાનું ખૂબ જ મહત્ત્વ છે. નિયમિત-એક જ સમયે-સમર્પિત થઇ કરેલી પ્રાર્થના ઇશ્વર સુધી જરૂર પહોંચે છે. પ્રાર્થના-પૂજા-પાઠના નિયમમાં રજા-વેકેશન જેવા વિકલ્પો ન હોય...

ગાંધીજીની દાંડીકૂચ વખતે તેમની સાથે અનેક અનુયાયી સંપૂર્ણ ત્યાગ-નિષ્ઠા અને સિદ્ધાંતો સાચવીને રહેતા હતા એમાં જાણીતા સંગીતકાર શ્રી નારાયણ મોરેશ્વર ખરે પણ આશ્રમમાં પરિવાર સાથે રહેતા હતા અને બાપુના સિદ્ધાંત પર ચાલવાના ચૂસ્ત પ્રયત્નમાં જ હતા.

બંને સમયની પ્રાર્થનામાં એક ભજન અને રામધૂનની જવાબદારી શ્રી ખરેને સોંપવામાં આવી હતી. ઘડિયાળ અને સમયનો વિકલ્પ એટલે જ ગાંધીજી - દરરોજ એક જ સમયે પ્રાર્થના શરૂ થતી.

એકદિ શ્રી નારાયણ ખરેનો પુત્ર માંદો પડ્યો, બિમારી લાંબી ચાલી પણ હવે નિરૂપાય બની હતી. દરરોજ જાણે કલાકો-ક્ષણો માટે જ જીવન ટક્યું હતું; પણ આજે તો શ્વાસ કંઠે આવી અટક્યો હતો. ઘેટકો ઉપડ્યો હતો. પરિવારજનો પણ આસપાસ અંતિમ ક્ષણ માટે ઊભા હતા...

... ત્યાં સાયં પ્રાર્થનાનો ઘંટ વાગ્યો. શ્રી ખરે એ પુત્રનાં માથે હાથ ફેરવી ઊભા થયા. પત્નીએ વિસ્મય નજરે જોયું, પણ ખરે પ્રાર્થનામાં જઇ બેઠા. ફરજ એ રોજના આનંદથી ક્ષુબ્ધ થયા વિના પૂર્ણ કરી. એક છોકરું કાનમાં સંદેશ આપી ગયું. 'વસંત ગયો.'

પ્રાર્થના પૂર્ણ થયા પછી જ ખરે ઊભા થયા અને બાપુને વંદન કરી બોલ્યા. બાપુ! વસંતને જેણે મોકલ્યો હતો તેણે પાછો લઇ લીધો!' અને આંખે ઝળઝળીયાં સાથે કુટિરમાં ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# તેમણે સ્વયં પોતાના મનમાં ઉઠેલા પ્રશ્નોની આંતર ખોજ કરી અને પરિણામ સ્વરૂપ દીર્ઘ લેખ લખ્યો એ હું નાસ્તિક કેમ છું? અથવા મૈં નાસ્તિક ક્યો હું? અથવા વ્યાહ આઇ એમ એન એથીસ્ટ?

## મૈં નાસ્તિક ક્યો હું? - ધ કોફી હાઉસ

*ઉત્સવ પરમાર*

૨૩ માર્ચ ૧૯૩૧ હિન્દોસ્તાં ના અતીત ની એક ગર્વ ભરી ક્ષણ...ફાંસી ના ગાળિયા ને માશૂકો ની જેમ ચૂમી ને ફના થઇ ગયેલા નોજવાનો , લાહોર ની ગલીઓ માં સળગતી મશાલો અને એ રાતો ને ધ્રુજાવનારી ઈન્કિલાબ જિંદાબાદની ચીસો ! ભગત સિંહ, સુખદેવ અને રાજ ગુરુ દેશના હીરો હતા, સપુત હતા, શહીદ હતા ... રાવી નદીના પાણીમાં જિંદગી ફેંકી દેશ માટે મરવા મારવાની કસમો ખાનારા, જલિયાવાલાની લોહી ભીની માટી મુટ્ઠી માં ભીંસી વતન પરસ્તીના ગીતો ગાનારા, જિંદગી અને મોતની સરહદ પર વતન ને તેની ગર્વિતા ને દિલોજાનથી ચાહનારા જાંબાજ હતા!




કેટલાકને મન ભગતસિંગ કેવળ એક ઝનૂની અને અવિચારી ક્રાંતિકારી છે કેમ કે અત્યારે સુધી આ બહુ આયામી વ્યક્તિ નો ક્રાંતિકારી -વૃત્તિનો આયામ જ આવામ માં લોકન્યિ થયો છે પણ નાની ઉમર માં ક્રાંતિકારી -વૃત્તિ માં જોડવા સાથે સાથે તેમણે પુષ્કળ અધ્યયન કર્યું હતું. ભગત સિંહ ની જેલ ડાયરી વિષે આ જ કોલમ માં ચર્ચા થઇ ચુકી છે. સચોટ તર્ક અને તીવ્રતમ બુદ્ધિમતા ના આધાર પર ભગત સિંહ ની સમગ્ર વિચાર ધારા ઉભી છે. પહેલે જાંચા, પરખા ફિર માના!

યથાર્થ વાદ કે વાસ્તવિક વાદ માં માનતા ભગતસિંગ સ્વયં નાસ્તિક હતા અને તેમની નાસ્તિકતા કોરી કલ્પના ન હતી. તેમણે સ્વયં પોતાના મન માં ઉઠેલા પ્રશ્નોની આંતર ખોજ કરી અને પરિણામ સ્વરૂપ એક દીર્ઘ લેખ લખ્યો એ હું નાસ્તિક કેમ છુ? અથવા મેં નાસ્તિક ક્યોં હુ? અથવા વ્હાય આય એમ એન એથીસ્ટ?

લેખ નો -ારંભ થાય છે... શું હું કોઈ અહંકાર ના લીધે સર્વ શક્તિમાન ઈશ્વર ના અસ્તિત્વ સામે શંકા પેદા કરું છું ? અને પોતાના પર પ્રશ્ન કર્યા બાદ ઈશ્વરના અસ્તિત્વ પર સવાલો અને તર્કનો વરસાદ!

તેઓ આગળ લખે છે, હું એવા વહેમમાં નથી કે મારામાં માનવીય કમજોરીઓ નથી કેમ કે હું મનુષ્ય છું અને એ થી અધિક કઈ જ નહિ અને પછી તેઓ એક અહંકાર શૂન્ય ધરતી પર થી એ ઈશ્વર નું આકાશ માપે છે.

એવું કેવી રીતે બની શકે કે ઈશ્વર પર શ્રદ્ધા રાખનાર એક વ્યક્તિ અચાનક પોતાના અહંકાર ના કારણે તેનામાં વિશ્વાસ કરવાનું બંધ કરી દે? બે જ સંભાવનાઓ હોઈ શકે. કા તો મનુષ્ય ઈશ્વર ને પોતાનો -તિ સ્પર્ધી સમજવા લાગે ત્યારે અથવા પોતાને જ ઈશ્વર માનવા લાગે પણ બન્ને અવસ્થા માં તે નાસ્તિક બની શકે એમ નથી! કેમ કે પેહલી અવસ્થા માં તે તેના -તિ સ્પર્ધી તરીકે ઈશ્વર નું અસ્તિત્વ સ્વીકારે છે અને બીજી અવસ્થા માં તે એક એવી ચેતના ને અસ્તિત્વ મને છે જે -કૃતિ નું સંચાલન કરી શકે ...

હું કોઈ -તિ સ્પર્ધી નથી કે ના તો સ્વયં પરમાત્મા -

તેઓ લખે છે કે જયારે હું આટલો -સિદ્ધ હતો કોલેજમાં ભણનારો શરમાળ નિરાશાવાદી છોકરો હતો ત્યાર થી જ ઈશ્વરના અસ્તિત્વ પર સવાલ કરવા લાગ્યો હતો અને ક્રમશઃ વિશ્વાસ કરવાનું પણ છોડી દીધું. ઘરમાં ધાર્મિક માહોલ હોવા છતાં ભગત સિંગ પોતાના અંતરનો અવાઝ સાંભળી રજ્ઞા હતા!

શરૂઆતના દિવસો માં જયારે ભગતસિંહ રોમેન્ટિક આદર્શવાદી ક્રાંતિકારી હતા તેવું તેમનું કેહવું છે અને ત્યાં લગી તેઓ બીજાઓ નું અનુકરણ માત્ર કરતા પણ પછી અધ્યયન તરફ વળ્યા. દરેક વસ્તુને તર્કની કસોટી પર ચડાવા લાગ્યા અને ધીમે ધીમે તેમના વિચાર અને વિશ્વાસ પરિષ્કૃત થવા લાગ્યા હિસા ના આકર્ષણ નું સ્થાન ગંભીર વિચારો એ લીધું, રહસ્ય વાદીતા અને અંધવિશ્વાસ દુર થતા ગયા અને યથાર્થ આધાર બન્યો.

ભગતસિંહના હિસા અંગેના વિચારો પણ આ લેખમાંથી મળી રહે છે. તે સમયે કોંગ્રેસીઓને ગાંધી વિરોધી લાગતા આ માણસ ના લખાણ વાંચ્યા નહિ હોય. તેઓ લખે છે, હિસા ત્યારે જ યોગ્ય છે જયારે કોઈ વિકટ સ્થિતિ આવી પડે. (અન્યથા) અહિંસા તમામ જન આંદોલનો નો અનિવાર્ય સિધાંત હોવો જોઈએ.

કદાચ કોઈ બંધ કમરામાં કોઈ શાંત રાતે ટેબલ લેમ્પના અજવાળામાં લખવું સહેલું હોઈ શકે પણ જેલની યાતનાઓ વખતે, નાગી પીઠ પર પડતા ચાબુક વખતે ઈશ્વર યાદના આવે એવું બને ખરું? અને ભગત સિંગ પોતાની જ પરીક્ષા માં પાસ થઈ જાય છે - તેમની નાસ્તિકતા કોઈ બૌધિક દંભ નહતો. કેમ કે આફતના સમયમાં એક સામન્ય વિશ્વાસ ને ઠુકરાવો કઠીન બની જાય છે, અહંકાર તૂટી જાય અને ઈશ્વર અંતિમ સહારો દેખાય પણ ભગતસિંહ નાસ્તિકતાના ચરમ પર પહોચે છે, મને ખબર છે જે ક્ષણે ફાંસીનો ફંદો મારે ગળે લાગશે ને નીચેનો તખ્ત હટશે એ પૂર્ણ વિરામ હશ, અંતિમ ક્ષણ હશે પછી કોઈ સ્વર્ગ કે નર્ક નથી બસ એક અંત - ગૌરવશાળી અંત!

આલોચના અને આઝાદ ખ્યાલને કાંતિકારીના અનિવાર્ય ગુણ માનનાર ભગત સિંહ કહે છે કે -ત્યક્ષ -માણના અભાવમાં ફિલોસોફી અને વ્યક્તિ દરેક પ્રશ્ન પોતપોતાની આગવી રીતે હલ કરી શકે છે

તે આસ્તિકો ને વેધક સવાલો પૂછે છે કે તમારા સર્વ શક્તિમાન ઈશ્વરે સૃષ્ટિ ની રચના કેમ કરી ? દુખ અને કષ્ટો થી પીડાતો એક પણ વ્યક્તિ સુખી નથી, ખુશ નથી! હવે એમ ના કહો કે એ તેનો નિયમ છે, કેમ કે જો તે નિયમો થી બંધાયેલો છે તો તે પણ આપણી જેમ નિયમોનો દાસ છે અને નિયમો માં બંધાયેલો વ્યક્તિ સર્વ શક્તિ માન કેવી રીતે હોઈ શકે? તમે ક્યાં સુધી એવા કોઈ વ્યક્તિ કે શક્તિને ઉચિત ગણશો જે પહેલા તમને જખમ એટલા માટે આપશે જેથી પાછળથી તેના પર આરામદાયક અને મુલાયમ મલમ લગાવી શકે?

શું આસ્તિક જવાબ આપી શકે આ સવાલોનો?

ઈશ્વરનું અસ્તિત્વ કાલ્પનિક છે એવું ભગત સિંહનું માનવું હતું!

ભગતસિંહના યથાર્થવાદ ને સમજવા તેમણે લખેલા આ વાક્યો જ કાફી છે, ઘણા ઈમાનદાર નો-જવાનો આખી જિંદગી ગરીબોમાં અનાજ વહેચીને કે બીમારોની સેવા કરી ને કે બીજા દયા ધર્મ ના કામ કરી ને જ સંતુષ્ટ થઈ જાય છે તેઓ સારા અને આત્મ ત્યાગી લોકો છે પણ તેઓ એ સમજવા માટે અસમર્થ છે કે ભારતમાં ભૂખ અને બીમારી ખેરાત થી દુર થવાની નથી ...

તો, આ ૨૩ માર્ચ તમે પણ વિચારજો ...

- ch9723367947@yahoo.com

# દેશનો વિકાસ માપવા શું ઉપયોગમાં લેવાય છે?

## ખજાનો

*ડૉ. અનિલ પટેલ*

### ભારતની અર્થવ્યવસ્થા

(૧) કોઈ પણ દેશનું જીવનસ્તર શાના પરથી જાણી શકાય છે?
(અ) ગરીબીના પ્રમાણથી (બ) માથાદીઠ આવક પરથી
(ક) રાષ્ટ્રીય આવક પરથી (ડ) બેરોજગારીના દરથી
(૨) ભારતીય અર્થથંત્રની મૂળભૂત લાક્ષણિકતા કઈ છે?
(અ) અવિકસિત (બ) વિકાસહીન (ક) વિકસિત (ડ) વિકાલશીલ
(૩) દેશનો વિકાસ માપવા શું ઉપયોગમાં લેવાય છે?
(અ) માથાદીઠ આવક (બ) આંતરરાષ્ટ્રીય આવક
(ક) કાચી રાષ્ટ્રીય પેદાશ (ડ) ચોખ્ખી રાષ્ટ્રીય આવક
(૪) ભારતને નીચેનામાંથી કઈ ચીજમાંથી સૌથી વધુ વિદેશી હુંડિયામણ મળે છે?
(અ) ઘઉં (બ) ચા (ક) જસત (ડ) ખાંડ
(૫) ભારતમાં વેતન નીતિ શાના પર આધારિત છે?
(અ) ઉત્પાદકતા ઉપર (બ) જીવન નિર્વાહ ખર્ચ ઉપર
(ક) રહેણીકરણીના સ્તર ઉપર (ડ) ત્રણેમાંથી એક પણ નહિં
(૬) બેંક દર નીતિ નીચેનામાંથી શેનો ભાગ છે?
(અ) વેપારનીતિ (બ) આર્થિક નીતિ (ક) મુદ્રાનીતિ (ડ) ઉદ્યોગનીતિ
(૭) નીચેનામાંથી શાના દ્વારા ભારતીય અર્થવ્યવસ્થા સમાજવાદી ઢાંચામાં આવે છે?
(અ) મિશ્ર અર્થવ્યવસ્થા (બ) વિદેશી અર્થવ્યવસ્થા
(ડ) સ્વતંત્ર અર્થવ્યવસ્થા (ડ) જાહેર સાહસોને પ્રોત્સાહન
(૮) કયા આવકવેરા સરકારને વધુ આવક આપે છે?
(અ) સીધા કરવેરા (બ) આડકતરા કરવેરા
(ક) બંને સરખી આવક આપે
(ડ) ત્રણેમાંથી એક પણ નહિં
(૯) કયો વેરો 'સીધા કરવેરા' માં ન આવે?
(અ) આવકવેરો (બ) સંપતિવેરો
(ક) એકસાઈઝ (ડ) ટ્રાન્ઝેક્સન ટેક્સ
(૧૦) વેટ કયા વેરાના બદલે નાખવામાં આવ્યો છે?
(અ) આવકવેરો (બ) કસ્ટમ
(ક) એક્સસાઈઝ વેરો (ડ) વેચાણવેરો
(૧૧) હાલના આયોજન પંચના અધ્યક્ષ કોણ છે?
(અ) ચિદંમ્બરમ્ (બ) મોન્ટેકસિંહ અહલુવાલિયા (ક) મનમોહનસિંહ (ડ) કમલનાથ
(૧૨) કઈ યોજના સફળ યોજના કઈ શકાય?
(અ) પ્રથમ યોજના (બ) બીજી યોજના (ક) ચોથી યોજના (ડ) પાંચમી યોજના
(૧૩) કઈ બેકારી ઉદ્યોગો સાથે સંબંધિત છે?
(અ) મોસમી બેકારી (બ) અર્ધબેકારી (ક) ચક્રીય બેકારી (ડ) પ્રચ્છન્ન બેકારી
(૧૪) ભારતની નિકાસમાં ઝડપથી ઊભરી રહેલું ક્ષેત્ર કયું છે?
(અ) ખેતપેદાસો (બ) ફૂડ પ્રોસેસીંગ (ક) હીરા-ઝવેરાત (ડ) રેડીમેડ કપડાં
(૧૫) ભારતની 'સિલીકોન વેલી' કયાં છે?
(અ) ગાંધીનગર (બ) બેંગ્લોર (ક) હેદરાબાદ (ડ) મુંબઈ

### વિવિધા

*(આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોનાં જન્મદિવસ)*

- ૨૧ માર્ચ, ૧૯૩૨ વોલ્ટર ગિલ્બર્ટ-અમેરીકન બાયોલોજીસ્ટ, ૧૯૮૦માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૨૧ માર્ચ, ૧૮૮૭ ડેવીડ કેલીન-રશિયન-બ્રિટીશ બોયોકેમીસ્ટ, સાયટ્રોક્રોમના શોધક, મૃત્યુ-૨૧ ફેબ્રુ.૧૯૬૩
- ૨૧ માર્ચ, ૧૮૮૪ જયોર્જ ડેવીડ બ્રીકોફ-અમેરિકન મેથેમેટીશિયન (ગણિતશાસ્ત્રી), મૃત્યુ-૧૨ નવે. ૧૯૪૪
- ૨૨ માર્ચ, ૧૯૩૧ બટ્રોન રીચર-અમેરિકન ભૌતિકશાસ્ત્રી, ૧૯૭૬માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૨૨ માર્ચ, ૧૮૬૮ રોબર્ટ એન્ડયુઝ મિલીકન-અમેરીકન ભૌતિકશાસ્ત્રી, ૧૯૨૩માં નોબેલ પારિતોષિક વિજેતા, મૃત્યુ-૧૯ ડિસેમ્બર-૧૯૫૩
- ૨૨ માર્ચ ૧૭૮૫ એડમ સેડગવીક-અંગ્રેજ જીઓલોજીસ્ટ, મૃત્યુ-૨૭ જાન્યુ.૧૯૭૩
- ૨૩ માર્ચ ૧૯૩૭ રોબર્ટ સી.ગેલો - અમેરીકન સાયન્ટીસ્ટ, એઈડ્સ માટે વાઈરસ તેના શોધક
- ૨૩ માર્ચ ૧૯૦૭ ડેનીટલ બોવેટ - સ્વિઝ-ફ્રેન્ચ-ઈટાલીયન ફાર્માકોલોજીસ્ટ, ૧૯૫૭માં નોબેલ પારિતોષિક વિજેતા, મૃત્યુ-૮ એપ્રિલ, ૧૯૯૨
- ૨૩ માર્ચ, ૧૮૮૧ હર્મન સ્ટેન્ડુગર-જર્મન કેમીસ્ટ, ૧૯૫૩માં નોબેલ પ્રાઈઝ વિજેતા, મૃત્યુ-૮ સપ્ટે.૧૯૬૫
- ૨૪ માર્ચ ૧૯૪૧ જોસેફ એચ. ટેઈલર-અમેરિકન રેડી એસ્ટ્રોનોમર અને ભૌતિક શાસ્ત્રી, ૧૯૯૩માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૨૪ માર્ચ ૧૯૧૭ ક્રાફટ એર્નોલ્ડ એહરીક-જર્મન બોર્ન, અમેરીકન ભૌતિકશાસ્ત્રી, રોકેટરી એન્જીનીયર, મૃત્યુ-૧૧ ડિસેમ્બર, ૧૯૮૪
- ૨૫ માર્ચ ૧૯૧૪ નોર્મન અર્નેસ્ટ બોર્લગ-અમેરીકન એગ્રીકલ્ચરલ વૈજ્ઞાનિકસ, ૧૯૭૦માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૨૫ માર્ચ ૧૯૦૧ સર રેમન્ડ ફીથ-ન્યુઝીલેન્ડના એન્થોપોલોજીસ્ટ વૈજ્ઞાનિક, મૃત્યુ-૨૨ ફેબ્રુ.૨૦૦૨
- ૨૫ માર્ચ ૧૮૪૪ એડોલ્ફ એન્ગલર-જર્મન બોટાનીસ્ટ, મૃત્યુ-૧૦ ઓકટો., ૧૯૩૦
- ૨૬ માર્ચ, ૧૯૭૩ લોરી પેજ-અમેરીકન કોમ્પ્યુટર એન્જીનીયર
- ૨૬ માર્ચ, ૧૯૧૬ ક્રિશ્ચયન બોર્મન એન્ફીસેન-અમેરીકન બાયોકેમીસ્ટ, ૧૯૭૨માં નોબેલ પારિતોષિક વિજેતા, મૃત્યુ-૧૪ મે, ૧૯૯૫
- ૨૭ માર્ચ, ૧૮૯૩ જેમ્સ બી. કોનાટ-અમેરીકન વૈજ્ઞાનિક, મૃત્યુ-૧૧ ફેબ્રુ.૧૯૭૮
- ૨૭ માર્ચ, ૧૯૧૦ જહોન રોબીર્શન પીયર્સ-અમેરીકન સંદેશાવ્યવહાર વૈજ્ઞાનિક, માઈક્રોવેવ અને રડાર ટેકનોલોજીમાં યોગદાન

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ :

**પૂર્વ વડાપ્રધાન માન.શ્રી અટલબિહારી વાજયેલી છેલ્લે કયા મતવિસ્તારમાંથી ચૂંટણી લડયા હતા? જવાબ : લખનઉ**

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો :

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭-ડી
(૨) ગોમતીબેન કનુભાઈ પરમાર : સે-૨ડી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) રેખા. એમ. જાદવ : સે-૩૦
(૩) શિવાંગ બી. પટેલ : સરગાસણ

### આ સપ્તાહનો સવાલ ?

**કેન્દ્ર સરકારમાં મંત્રી રહી ચૂકેલા કોંગ્રેસના કયા કદ્દાવર નેતા ભાજપમાં જોડાયા?**

**આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ**
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

### સાચા જવાબો

[illegible]

# વ્યક્તિત્વ નિર્માણનું પહેલું ચરણ જ્ઞાન છે, જ્ઞાનની સાધના જ જીવનને નવો નિખાર આપી શકે

## લાગણીનો મેળો

*- રસિક વાળંદ 'નિર્ઝર*

હું જ દષ્ટિ, હું જ દર્પણ ને ડગર પણ હું જ છું, હું જ દર્પણ, હું જ પડદો ને નજર પણ હું જ છું
કોણ કોને આંતરે ને કોણ કોને છેતરે?, હું જ ચરણો, હું જ બેડી ને સફર પણ હું જ છું.
- **બકુલેશ દેસાઈ**

આજનો યુવા વર્ગ અનેક કુટેવોનો સરળતાથી સહજ ભોગ બનતો જોવા મળે છે. ખોટી ફેશન પરસ્તીમાં અટવાયેલો યુવાવર્ગ જાહેર માર્ગો પર વિકૃત ચેષ્ટાઓ કરતા નજરે ચઢે છે. ત્યારે ઘડીકભર મનમાં ધિક્કાર અને અફસોસ અનુભવું છું. જાહેર માર્ગો પર અશ્લિલ, શૃંગારિક ચેષ્ટાઓ કરી 'રોડ રોમિયો' કે પરોક્ષ રીતે ટેલિફોન રોમિયો બની સમવયસ્કોની છેડતી કરવાના બનાવો અખબારી પાને ચમકતા હોય છે. યુવતીઓ પણ લાલચમાં ફસાઈ ન કરવાનું કરી બેસતી હોય છે.

આપણો યુવાન રાહ ભૂલી અવળે માર્ગે ફંટાયો છે...સુખી-સંપન્ન, શિક્ષિત કહેવાતો ભદ્ર સમાજ ભોગાનંદના પૂવાહમાં ઘસડાવા લાગ્યો છે. યુવાવર્ગ પર સાંપૂત વાતાવરણના કામણે કામુકતા જગાવી છે. દષ્ટિવિહોણું જ્ઞાન સારાસારનો વિવેક જગવતું નથી. પરિણમે ગાડરિયા પ્રવાહમાં તણાતો યુવાન કુછંદે ચડી દુરાચારી કૃત્યો તરફ વળ્યો છે. કુટુંબ સંસ્થા અને શિક્ષણ સંસ્થાઓના આદર્શો બદલાઈ ચૂક્યા છે. એની આ પ્રતિતિ છે. ટી.વી. ચેનલો અને કમ્પ્યુટરની નાગચૂડે સંસ્કાર સિંચનની ગંગોત્રી સમી કુટુંબસંસ્થા ને પ્રદુષિત કરી મૂકી છે. ડિસ્કો રિધમથી ક્લબોમાં નાચતા કુદતા મા-બાપો પોતાના સંતાનને સંસ્કાર કે ધ્યેય શું આપી શકવાના...?!! તો બીજી બાજુ શિક્ષણજગત રાજકારણનો અખાડો બની ચૂક્યુ છે. પરીક્ષાલક્ષી અને પોપટીયું જ્ઞાન જીવનને આકાર આપવા અસમર્થ જ છે. દોઢ-બે દાયકા સુધી જ્ઞાનના પિયુષ પીધા પછી પણ જીવનમાં તેજસ્વીતા નિર્માણ થતી નથી. નિસ્તેજ અને નિર્માલ્ય યુવાધન એ તો સમાજના મૂળમાં રહેલો સડો છે. યુવાનો સમાજની મૂડી છે. દેશનું મોઘું ધન છે એને વેડફતું અટકાવવા કમર કસવી રહી...!!!

દોસ્તો. વેદકાલીન સમાજમાં વિદ્યાર્થી અવસ્થાને બ્રહ્મચર્યાશ્રમ કહેવાતી, આ સોનેરી કાળમાં વિદ્યાપ્રાપ્તિની સાથે શારીરિક ઘડતર અને ચારિત્ર્ય નિર્માણ થતું. જીવનના પ્રારંભિક પચ્ચીસ વર્ષો ગુરૂના સાનિધ્યમાં બ્રહ્મચર્યના આસને બેસી શક્તિઓને રચનાત્મક વળાંક અપાતો. આપણી સંસ્કૃતિની દિવ્ય તેજસ્વી વિચારધારાઓ સમયના પ્રવાહમાં વિલીન થઈ... સમયની ગતિશીલતામાં મૂલ્યો અને જીવન રીતિ બદલાઈ તેનું પ્રતિબિંબ યુવાનોના વ્યવહાર-વર્તન પર જોવા મળે છે.

મિત્રો, યુવાની એ વ્યક્તિત્વ ઘડતરની એરણ છે. બ્રહ્મચર્યની બેઠક જ જ્ઞાન અને સંયમની સાથે મનોબળ અને જીવન ધ્યેય ખીલવી શકે. અભ્યાસકાળ દરમ્યાન અઘરા લાગતા વિષયનું પેપર પાર કરી શક્યા પછી બીજા વિષયના પેપરમાં વાંધો નહી આવેનો હાશકારો અનુભવીએ એમ યુવાવસ્થામાં બ્રહ્મચર્યના કઠિન પેપરમાં સફળતા મેળવશો તો વ્યક્તિત્વના બીજા બધા પાસા આપમેળે ગોઠવાઈ જશે...!! જાતીય વૃત્તિ બળવત્તર બને એવા કામોત્તેજક દૃશ્યો કે વાંચનથી અળગા રહેવું હિતકર છે.

આત્મીય યુવાજનો ! એકબાજું કુદરતની કલાનો અદ્ભૂત માંગલ્ય અને બીજી બાજુ ભોગવાદની વિકૃતિ. આ બન્ને ધ્રુવોની વચ્ચે તટસ્થ દૃષ્ટિ કેળવશો તો જ સમતુલિત વ્યક્તિત્વ ખીલશે.... 'સોળે શાન અને વિસ ભાન...' આ લક્ષ્મણરેખા છે... આવા સમયે કામવૃત્તિ સેક્સનું ઉર્ધ્વીકરણ કરવું ખુબ જ જરૂરી છે. આપણા મૂર્ધન્ય કવિ સ્વ. ઉમાશંકર જોષી એ લખ્યું છે......

પ્રેમ, જ્ઞાન, બંધુતા એ સિવા જિંદગી નરી પંગુતા... વ્યક્તિત્વ નિર્માણનું પહેલું ચરણ જ્ઞાન છે. જ્ઞાનની સાધના જ જીવનને નવો નિખાર આપી શકે, સાહસ, પુરૂષાર્થથી તારુણ્યકાળ દીપી ઠશે, સદ્વાંચન, સદ્ચિંતનથી હકારાત્મક દ્યષ્ટિકોણ વિકસશે. ભાઈચારો અને પૂેમ જીવનને ભર્યુ ભર્યુ બનાવશે... ટી.વી. ચેનલો બરા પીરસાતું હલકું મનોરંજન એ તો નર્યુ ઝેર છે. દોસ્તો, ટી.વી.ચેનલોના વળગણથી અળગા બનો, ઈડિયટ બોક્ષના રંગો અને ચિત્રોની કાલ્પનિક દુનિયા છોડી અભ્યાસરત બનો, મહેનત કરો, શ્રમ સાથે મનોરંજન હશે તો મન પુષ્ટ બનશે, એકલું મનોરંજન મનને મારી નાખશે...!! જાગો... કૃતનિશ્ચયી બનો... સુજ્ઞેષુ કિમ બહુના...

**સ્પર્શમણિ** : જીવન એ અંધારો કૂવો નથી અથવા તો વાવાઝોડાના પવનની પેઠે ગમે તેમ ઊડી આવતો ઝંઝાવાત નથી. જીવનની આકરામાં આકરી કસોટીમાં અને તેના પૂસંગોમાં જીવનનો એકધારો વણાટ સળંગપણે વણાયાં જતા હોય છે એવી રીતે સળંગ પટે વણાવાને કાજે જેવા પ્રસંગોમાં જીવને મૂકાવું મટે તેવા પ્રસંગોમાં તે મૂકાતો જતો હોય છે. પ્રત્યેક પ્રસંગમાં જીવનના ઘડતર કાજેના હેતુ હોય છે. - **પૂ. મોટા**

- rasikvaland1965@gmail.com